# મેયરપદની

By-Election
VOTE
June 26

# પેટાચૂંટણી

## જૂન 26

TORONTO

# ટપાલ દ્વારા મતદાન કરવા અરજી કરો

આ પેટાચૂંટણી માટે તમે ટપાલ દ્વારા મત આપવાનું પસંદ કરી શકો છો. તમારી અરજી મે 1 થી 26 ની વચ્ચે toronto.ca/VoteByMail પર સબમિટ કરો.

# MyVote સાથે પ્રારંભ કરો

1 મેથી, તમે મતદાર યાદીમાં છો કે નહીં તે તપાસો, toronto.ca/MyVote પર તમારા વોર્ડ અને મેયર માટે ચૂંટણી લડનારા ઉમેદવારોને શોધો.

# અગત્યની તારીખો

## મે 1

- **મેઈલ-ઈન વોટિંગ** માટે અરજી કરવાનો પ્રથમ દિવસ
- મતદાર યાદીમાં તમારી માહિતી ઉમેરવા, બદલવા અથવા અધતન કરવાનો પ્રથમ દિવસ

## મે 15

- **પ્રૉક્સી** ફોર્મની વિનંતી કરવાનો અને તેને VoterRegistration@toronto.ca ઈમેલ કરીને અથવા 311 પર ફોન  કરીને પ્રમાણિત કરાવવા માટે એપોઇન્ટમેન્ટ લેવાનો પ્રથમ દિવસ

## મે 23

- **મતદાર માહિતી કાર્ડ્સ (VICs)** ફક્ત લાયક મતદારોને ટપાલ કરવામાં આવે છે
  - માત્ર લાયક મતદારો કે જેઓ 14 મે, 2023 સુધીમાં મતદાર યાદીમાં હશે તેઓને ટપાલમાં VIC પ્રાપ્ત થશે. જો તમે મતદાર યાદીમાં હોવ અને ટપાલમાં VIC ન મળે, તો તમે toronto.ca/MyVote પર Myvoteનો ઉપયોગ કરીને તમારા કાર્ડને સુલભ કરી શકો છો.

## મે 26

- **મેઇલ-ઇન વોટિંગ** માટે અરજી કરવા વિનંતિ કરવાની છેલ્લી તારીખ, સાંજના 4:30 સુધી.

## જૂન 8 થી જૂન 13

- **આગોતરા મતદાન**ના છ દિવસ સવારના 10 થી સાંજના 7 સુધી

## જૂન 15

- પૂર્ણ કરેલા **મેઇલ-ઇન વોટિંગ** પેકેજ બપોર (12 વાગતા) સુધીમાં અચૂક મળી જ જવા જોઇએ.

## સોમવાર, જૂન 26

- ચૂંટણીનો દિવસ સવારના 10 થી રાતના 8 વાગ્યા સુધી

# મતદાનના વિકલ્પો

## રૂબરૂ

તમે મતદાન માટેના કોઈપણ ઉપલબ્ધ દિવસોમાં રૂબરૂ મતદાન કરી શકો છો. આગોતરા મતદાન (જૂન 8 થી 13) દરમિયાન વહેલા મતદાન કરો અથવા ચૂંટણીના દિવસે, સોમવાર, 26 જૂનના રોજ મતદાન કરો.

## ટપાલ દ્વારા

### પગલું 1: મેઇલ-ઇન વોટિંગ માટે અરજી કરો

- મે 1થી toronto.ca/VoteByMail ની મુલાકાત લો
- અરજી કરવાની અંતિમ તારીખ શુક્રવાર, મે 26 સાંજના 4:30 સુધી

### પગલું 2: તમારું પેકેજ સંપૂર્ણ ભરો

એકવાર મંજૂર થઈ ગયા પછી, મે 23 થી શરૂ કરીને તમને મેઇલ-ઇન વોટિંગનું પેકેજ સંપૂર્ણ ભરવા માટે મોકલવામાં આવશે.

- ઘોષણા ફોર્મ પર **સહી કરો**
- મતપત્રને **ચિહ્નિત કરો**
- પીળા રીટર્ન પરબીડિયામાં સીલબંધ ગુપ્ત પરબિડીયું **દાખલ કરો**

### પગલું 3: તમારું પેકેજ ટપાલ કરો

- તમારું સંપૂર્ણ ભરેલ પેકેજ કોઈપણ કેનેડા પોસ્ટ મેઈલબોક્સમાં લઈ જાવ અથવા તેને પીળા ટોરન્ટો ઈલેક્શન્સ ડ્રોપ બોક્સ પૈકીના કોઈ એકમાં હાથોહાથ પહોંચાડો.
- દરેક વોર્ડમાં 1 જૂનથી એક પીળું ડ્રોપ બોક્સ ઉપલબ્ધ હશે. સ્થાનો અહીં સૂચિબદ્ધ છે: toronto.ca/VoteByMail
- સંપૂર્ણ ભરેલ પેકેજ **15 જૂનના રોજ બપોરે (12 વાગ્યા)** સુધીમાં અચૂક પ્રાપ્ત થવું જ જોઇએ.

## પ્રશ્નો અથવા સુલભતા અંગેની માહિતી માટે

- Election@toronto.ca પર ઈમેલ કરો અથવા 311 પર ફોન કરો
- toronto.ca/VoteByMail પર વધુ જાણો

## પ્રોક્સી દ્વારા

જો તમે રૂબરૂ અથવા ટપાલ દ્વારા મત આપી શકતા ન હોવ, તો તમે વોટિંગ પ્રૉક્સીની નિમણૂક કરી શકો છો. પ્રૉક્સી એવી વ્યક્તિ હોય છે કે જેના પર તમે તમારા વતી મત આપવા માટે વિશ્વાસ કરતા હોવ અને તે મેયર  માટેની 2023ની પેટાચૂંટણીમાં લાયક મતદાર હોય. તમારા અને તમારા પ્રૉક્સી દ્વારા સહી કરેલું વોટિંગ પ્રૉક્સી એપોઇન્ટમેન્ટ ફોર્મ ભરો અને તેને 26 જૂન સાંજે 4:30 પહેલાં સિટી ક્લાર્ક દ્વારા પ્રમાણિત કરાવો.

પ્રૉક્સી ફોર્મ મેળવવા માટે 15 મેથી શરૂ કરીને ટોરન્ટો ઇલેક્શનનો સંપર્ક કરો અને VoterRegistration@toronto.ca પર ઇમેઇલ કરીને અથવા 311 પર ફોન કરીને તેને પ્રમાણિત કરવા માટે એપોઇન્ટમેન્ટ લો.

toronto.ca/ByElection પર વધુ જાણો

# કોણ મતદાન કરી શકે

2023ની મેયર માટેની પેટાચૂંટણીમાં મત આપવા માટે, તમારે આ હોવું આવશ્યક છે:

- કેનેડિયન નાગરિક; અને
- ઓછામાં ઓછું 18 વર્ષના; અને
- ટોરન્ટો શહેરમાં નિવાસી; અથવા
- ટોરન્ટોના બિન-નિવાસી, પરંતુ તમે અથવા તમારા જીવનસાથી શહેરમાં મિલકત ધરાવતા હોવ અથવા ભાડે આપતા હોવ; અને
- કોઈપણ કાયદા હેઠળ મતદાન કરવા માટે પ્રતિબંધિત ન હોવ.

તમે શહેરની અંદર કેટલી મિલકતો ધરાવો છો અથવા ભાડે આપો છો તેને ધ્યાનમાં લીધા વિના તમે માત્ર એક જ વાર મત આપી શકો છો.

# મતદારોની યાદીમાં પ્રવેશ મેળવો

મતદાર યાદી પરની તમારી માહિતી સાચી છે કે કેમ તે તપાસવું અગત્યનું છે, ખાસ કરીને જો તમે છેલ્લી ચૂંટણીથી તમારું રહેઠાણ બદલ્યું હોય અથવા નામ બદલ્યું હોય. જો તમે મતદાર યાદીમાં હોવ તો તમને મતદાર માહિતી કાર્ડ ટપાલમાં પ્રાપ્ત થશે.

1 મે થી 26 મે સુધી, મતદાર યાદીમાં તમારી માહિતી તપાસો, ઉમેરો અથવા અપડેટ કરો આ કરીને:

- toronto.ca/MyVote ની મુલાકાત લઈને

- VoterRegistration@toronto.ca પર ઈમેલ કરીને
- 311 પર ફોન કરીને

26 મે પછી, તમે આગોતરા મતદાન (8 થી 13 જૂન) દરમિયાન અથવા ચૂંટણીના દિવસે (26 જૂન) રૂબરૂ મતદાન કરવા જાવ ત્યારે તમે પોતાને મતદાર યાદીમાં ઉમેરી શકો છો.

**તમે મતદાર યાદીમાં હોવ તો પણ જ્યારે તમે મત આપવા જાવ ત્યારે, તમારે ID અચૂક સાથે લાવવાનું રહેશે.**

# મતદાનના દિવસો

## ચૂંટણીનો દિવસ

સોમવાર, 26 જૂન, 2023 સવારે 10 થી રાતના 8 વાગ્યા સુધી. જો તમે ચૂંટણીના દિવસે મત આપવાનું પસંદ કરતા હોવ અને તમે બહુવિધ મિલકતોની માલિકી ધરાવતા હોવ અથવા ભાડે આપતા હોવ, તો તમે માત્ર એક જ વાર મત આપી શકો છો અને તમારે તમે જ્યાં રહો છો તે વોર્ડમાં મતદાન કરવું આવશ્યક છે.

## આગોતરા મતદાનના દિવસો

આગોતરા મતદાનના છ દિવસ દરમિયાન વહેલું મતદાન કરો, ગુરુવાર, 8 જૂનથી મંગળવાર, 13 જૂન સુધી સવારે 10 વાગ્યાથી સાંજના 7 વાગ્યા સુધી.

MyVote નો ઉપયોગ કરીને અથવા toronto.ca/AdvanceVote ની મુલાકાત લઈને તમારા મતદાર માહિતી કાર્ડ પર આગોતરા મતદાનનાં મતદાન મથકો શોધો. આગોતરા મતદાનના દિવસો દરમિયાન તમે સમગ્ર શહેરમાં ઉપલબ્ધ મતદાન સ્થાનોમાંથી કોઈપણ પર મતદાન કરી શકો છો.

# વિદ્યાર્થીઓ માટે માહિતી

જો તમે વિદ્યાર્થી હોવ અને જ્યારે તમે શાળામાં ન હો ત્યારે તમે જ્યાં હોવ તે સ્થળ તરીકે તમારા "હોમ"ને ધ્યાનમાં લો, જેનો અર્થ છે કે તમે ત્યાં પાછા ફરવાની યોજના બનાવો છો, તો પછી તમે તમારી "હોમ" નગરપાલિકા અને જ્યાં તમે હાલમાં શાળામાં ભણતા હોવ ત્યારે જ્યાં રહેતા હોવ તે નગરપાલિકા બંનેમાં મત આપવા માટે પાત્ર છો. વધુ જાણો અત્રે toronto.ca/ByElection

# MyVote

MyVote વેબ એપ્લિકેશનમાં મેયર માટેની 2023ની પેટાચૂંટણી માટે તમને પ્રારંભ કરાવવા માટેનું બધું જ છે.
1 મે થી, **toronto.ca/MyVote** ની મુલાકાત લો અને તમારું ટોરન્ટોનું સરનામું દાખલ કરો:

- તમે મતદાર યાદીમાં છો કે કેમ તે શોધો
- તમારી મતદાર યાદીની માહિતી ઉમેરો, બદલો અથવા અપડેટ કરો (26 મે સુધી)
- મેયર માટે ચૂંટણી લડી રહેલા ઉમેદવારોને તપાસો
- તમારો વોર્ડ અને નકશો શોધો
- તમારું મતદાર માહિતી કાર્ડ જુઓ, ડાઉનલોડ કરો અથવા પ્રિન્ટ કરો (1 જૂનથી)

- ક્યાં અને ક્યારે મત આપવો તે જાણો (1 જૂનથી)
- તમારા મતદાન મથક પર સુલભતા અંગેની માહિતી મેળવો (1 જૂનથી)
- તમારા મતપત્રનો નમૂનો જુઓ (1 જૂનથી)

તમે રૂબરૂ મતદાન કરવા જાવ તે પહેલાં MyVote તપાસવાનું ચાલુ રાખો, કારણ કે મતદાન મથકો બદલાઇ શકે છે.

# મતદાર માહિતી કાર્ડ

**મતદાર માહિતી કાર્ડ્સ (VICs) મે 23 થી ટપાલમાં આવવાં શરૂ થનાર છે.** તમારું VIC મતદાન મથક પર લઈ જવાથી મતદાન પ્રક્રિયા સરળ બનશે. તમારા VIC નો ઉપયોગ ઓળખ તરીકે કરી શકાતો નથી.

મત આપવા માટે તમારે VICની જરૂર નથી.

- જો તમે મતદારોની યાદીમાં હોવ અને તમને તમારું VIC મળ્યું ન હોય, પરંતુ તમારા ઘરની કોઈ વ્યક્તિએ પ્રાપ્ત કર્યું હોય, એમ બની શકે છે કારણ કે કેનેડા પોસ્ટ સમૂહમાં કાર્ડ્સ મોકલે છે.
- જો તમને એક કરતાં વધુ VIC મળે, તો જ્યારે તમે મતદાન કરવા જાવ ત્યારે તમારી ઓળખ સાથે મેળ ખાતું સૌથી સચોટ કાર્ડ મતદાન મથકે લાવો.
- જો તમે તમારું VIC મેળવ્યું હોય, પરંતુ માહિતી ખોટી હોય, તો જ્યારે તમે મત આપવા જાવ ત્યારે તમે કાર્ડ તમારી સાથે લઈ શકો છો અને મતદાર યાદી સુધારણા અરજી પૂર્ણ કરવા માટે કહો.
- જો તમને કોઇ એવી વ્યક્તિ માટે VIC મળે જે તમારા પરિવારમાં રહેતી ન હોય, તો તમે કાર્ડ પર **Return to Sender** લખીને તેને કોઈપણ કેનેડા પોસ્ટની ટપાલપેટીમાં મૂકી શકો છો.

અહીં વધુ જાણો: toronto.ca/VIC

# સુલભતા અંગેની માહિતી

## જો તમને મતદાનમાં અવરોધનો સામનો કરવો પડે, તો Election@toronto.ca પર ઈમેલ કરીને અથવા 311 પર ફોન કરીને ટોરન્ટો ઇલેક્શનનો સંપર્ક કરો.

## મતદાન મથકો

તમે જ્યાં મત આપશો તે તમામ મથકો સુલભ હશે. દરેક મથક અંગેની માહિતી, ઉદાહરણ તરીકે રૅમ્પ, ઑટોમેટિક ડોર ઓપનર અથવા વૉટર આસિસ્ટ ટર્મિનલ્સ, અહીં ઉપલબ્ધ છે: toronto.ca/ByElection.

## સુલભતાથી મતદાન કરવાનાં સાધનો

વૉટર આસિસ્ટ ટર્મિનલ એ મતપત્રને ચિહ્નિત કરવાનું એક એવું સાધન છે જે વિકલાંગ મતદારોને તેમના મતપત્રને ખાનગી અને સ્વતંત્ર રીતે ચિહ્નિત કરવાની છુટ આપે છે. તેની વિશેષતાઓમાં ટચ સ્ક્રીન, ઓડિયો ફંક્શન, બ્રેઇલ કી પેડ, સિપ/પફ ટ્યુબ ડિવાઇસ, રોકર પેડલ/ફૂટ સ્વીચ અને ઝૂમ ફીચર્સનો સમાવેશ થાય છે જેથી ફોન્ટ સાઈઝ અને કલર કોન્ટ્રાસ્ટ એડજસ્ટ થાય.

વૉટર આસિસ્ટ ટર્મિનલ તમામ આગોતરાં મતદાન મથકો પર ઉપલબ્ધ રહેશે. જો તમને ચૂંટણીના દિવસે મતદાર સહાયક ટર્મિનલનો ઉપયોગ કરવાની જરૂર હોય અને તે તમારા નિર્ધારિત મતદાન મથક પર સ્થિત ન હોય, તો તમે 311 પર ફોન કરીને તમારા મતપત્રને સ્થાનાંતરિત કરવાની વિનંતી કરી શકો છો.

## અન્ય સેવાઓ

- જો તમે રૂબરૂ મતદાન કરવા સક્ષમ ન હોવ તો ટપાલ દ્વારા મત આપવા માટે અરજી કરો. અરજી કરવા toronto.ca/VoteByMail ની મુલાકાત લો.
- મતદાન કેવી રીતે કરવું તેની સૂચનાઓ તમામ મતદાન મથકો પર બ્રેઇલ અને 26 ભાષાઓમાં ઉપલબ્ધ હશે.
- નબળી દ્રષ્ટિ ધરાવતા મતદારોને મદદ કરવા માટે તમામ મતદાન મથકો પર મેગ્નિફિકેશન શીટ્સ ઉપલબ્ધ હશે.
- જો તમે મતદાન મથક ની અંદર જવા માટે શારીરિક રીતે અસમર્થ હોવ તો તમે મતદાન સ્થાનની અંદરના અન્ય વિસ્તારમાં, ઉદાહરણ તરીકે, પાર્કિંગની જગ્યા અથવા કર્બસાઇડ પર મદદ કરવા વિનંતી કરી શકો છો. વધુ માહિતી માટે 311 પર ફોન કરો.
- જો તમે જાતે તમારા મતપત્રને ચિહ્નિત કરી શકતા ન હોવ તો તમારી મદદ માટે તમે કોઈ મિત્રને સાથે લાવી શકો છો અથવા મદદ માટે તમે ચૂંટણી અધિકારીને કહી શકો છો.
- તમામ મતદાન મથકો સહાયક વ્યક્તિઓ અને સેવા પ્રાણીઓના ઉપયોગને આવકારે છે.

- એવા સંજોગોમાં મતપત્ર ટ્રાન્સફરની વિનંતી કરી શકાય છે જ્યાં મતદારને તેમના નિર્ધારિત મતદાન મથક પર અવરોધનો સામનો કરવો પડી શકે છે. અગાઉથી 311 પર ફોન કરો.
- જો તમે ઉપલબ્ધ મતદાનના દિવસોમાં અથવા ટપાલ દ્વારા મત આપવા માટે સક્ષમ ન હોવ, તો તમે વોટિંગ પ્રૉક્સીની નિમણૂક કરી શકો છો, VoterRegistration@toronto.ca પર ઈમેલ કરો.
- 416-338-OTTY (0889) પર TTY લાઇન પર ફોન કરીને બહેરા અથવા સાંભળવાની ઓછી ક્ષમતા ધરાવતા લોકો માટે ચૂંટણીની માહિતી ઉપલબ્ધ છે.

અહીં વધુ જાણો: toronto.ca/AccessibleElections

# સ્વીકાર્ય ઓળખ

જ્યારે તમે મતદાન કરવા જાવ ત્યારે ઓળખ (ID) જરૂરી છે. તમારું નામ અને ટોરોન્ટોનું યોગ્ય સરનામું દર્શાવતા એક ID ને લાવવાનું યાદ રાખો. તમારા મતદાર માહિતી કાર્ડનો ઉપયોગ ID તરીકે કરી શકાતો નથી.

## સ્વીકાર્ય ID નાં ઉદાહરણો:

- ઑન્ટારિયોએ જારી કરેલ ડ્રાઇવિંગ લાઇસન્સ અથવા મોટર વાહન પરમિટ (વાહનનો ભાગ), ફોટો કાર્ડ.
- રદ કરેલ વ્યક્તિગત ચેક, ક્રેડિટ કાર્ડ અથવા બેંક એકાઉન્ટ સ્ટેટમેન્ટ.
- હાઇડ્રો, ટેલિફોન અથવા કેબલ ટીવી, પાણી, ગેસ માટેનું યુટિલિટી બિલ અથવા જાહેર ઉપયોગિતા કમિશન તરફથી બિલ.
- રોજગારદાતા દ્વારા જારી કરાયેલ સ્ટબ, T4 સ્ટેટમેન્ટ અથવા પગારની રસીદ ચેક કરો.
- ઑન્ટારિયો  વર્ક્સ અથવા ઑન્ટારિયો ડિસેબિલિટી સપોર્ટ પ્રોગ્રામ માટે ડાયરેક્ટ ડિપોઝિટનું સ્ટેટમેન્ટ.
- પ્રોપર્ટી ટેક્સ એસેસમેન્ટ, ઇન્કમ ટેક્સ એસેસમેન્ટ નોટિસ, ચાઇલ્ડ ટેક્સ બેનિફિટ સ્ટેટમેન્ટ.
- મોર્ટગેજ સ્ટેટમેન્ટ, લીઝ અથવા ભાડા કરાર.
- પોસ્ટ-સેકંડરી સ્કૂલમાંથી ટ્રાન્સક્રિપ્ટ અથવા રિપોર્ટ કાર્ડ.
- કેમ્પસ રહેઠાણ દર્શાવતો દસ્તાવેજ, ઓફિસ અથવા પોસ્ટ-સેકંડરી સંસ્થામાં વિદ્યાર્થીના નિવાસ માટે જવાબદાર અધિકારીઓ, દ્વારા જારી કરવામાં આવે છે.
- કેનેડાની સરકાર, ઑન્ટારિયો અથવા ઑન્ટારિયોમાં મ્યુનિસિપાલિટી તરફથી કોઈપણ અન્ય દસ્તાવેજ અથવા ઑન્ટારિયોની કોર્ટ દ્વારા જારી કરાયેલ અથવા પ્રમાણિત કરાયેલ દસ્તાવેજ.
- ઈન્ડિયન એકટ (કેનેડા) હેઠળ સ્થાપિત ઑન્ટારિયોમાં બૅન્ડ કાઉન્સિલનો કોઈપણ દસ્તાવેજ.
- વીમા પૉલિસી અથવા વીમા નિવેદન.
- નાણાંકીય સંસ્થા સાથે લોન કરાર અથવા અન્ય નાણાંકીય કરાર.
- T4E ચૂકવવામાં આવેલા રોજગાર વીમા લાભોનું નિવેદન.
- વૃધ્ધાવસ્થા સુરક્ષા T4A (OAS), કેનેડા પેન્શન પ્લાન લાભો T4A (P), કેનેડા પેન્શન પ્લાન યોગદાનનું નિવેદન.

- કાર્યસ્થળની સલામતી અને વીમા બોર્ડ WSIB ના લાભોનું નિવેદન T5007.
- CNIB કાર્ડ અથવા અન્ય રજિસ્ટર્ડ ચેરિટેબલ સંસ્થાનું કાર્ડ જે વિકલાંગ વ્યક્તિઓને સેવાઓ પૂરી પાડે છે.
- લોંગ-ટર્મ કેર હોમ્સ એક્ટ, 2007 હેઠળ લાંબા ગાળાના કેર હોમમાં રહેઠાણ દર્શાવતો દસ્તાવેજ, જે ઘર માટે એડમિનિસ્ટ્રેટર દ્વારા જારી કરવામાં આવે છે.

જો તમારી પાસે સ્વીકાર્ય ID નહીં હોય અને તમે મતદાર યાદીમાં નહીં હોવ, તો મતપત્ર મેળવવા માટે તમને તમારા ID સાથે પાછા આવવાનું કહેવામાં આવશે.

# સોશિયલ મીડિયા, વેબ અને ઈમેલ

**ટવીટર:** @cityoftoronto

**ફેસબુક**: City of Toronto

**ઇન્સ્ટાગ્રામ**: @cityofto

**વેબસાઇટ**: toronto.ca/ByElection

**ઈમેલ**: Election@toronto.ca

# માહિતીનો અનુવાદ

જો તમારે અન્ય ભાષામાં માહિતી જોઈતી હોય તો 311 પર ફોન કરો અથવા toronto.ca/elections/Voters ની મુલાકાત લો.